પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૩૬ ૫ નવેમ્બર, ૨૦૨૧, શુક્રવાર ; કારતક સુદ - ૧ પાનાં - ૧૨ + ૧૨ = ૨૪ કિંમત રૂ. ૪.૦૦

## દેશભરમાં દિપાવલી પર્વની ધામધુમથી ઉજવણી

નવી દિલ્હી, તા.૫

કોરોના વાઈરસ સામે મહાવિજય બાદ દેશભરમાં પ્રકાશ પર્વ દિપાવલીની ધામધુમથી ઉજવણી કરાઈ હતી. ગુજરાત સહિત ઉત્તર ભારતના રાજ્યોમાં દિવાળી પર્વની પ્રજાજનોએ ઉમળકાભેર ઉજવણી કરી હતી. આતશબાજી અને રંગોળીના માધ્યમોથી ઘરે-ઘરે ઉમંગ છલકાયો હતો. અયોધ્યામાં ૧૨ લાખ દિવાના વિશ્વવિક્રમ સાથે સમગ્ર અયોધ્યા શહેરની રોશનીથી શણગારવામાં આવ્યું હતું. છેલ્લા બે વર્ષથી કોરોનાના કપરા કાળને કારણે નિરાશાને મ્હાત કરવા આ વર્ષે ભારે ઉત્સાહ સાથેની ઉજવણી દેશભરમાં કરાઈ હતી.

ઠેર ઠેર જાહેર સંકુલો પર રોશનીને પગલે ભારે ભીડ એકત્ર થયેલી જોવા મળી હતી. છેલ્લા બે વર્ષથી ઉજવણીમાં ફિકાશ અનુભવ્યા બાદ આ વર્ષે પ્રજાજનોએ દિવાળી પર્વે રોશની નિહાળવા ઠેર ઠેર ફરતા જોવા મળ્યા હતા.

દિપાવલીની પૂર્વ સંધ્યાએ કેન્દ્ર સરકારે પેટ્રોલ - ડીઝલમાં ભાવ ઘટાડાની જાહેરાત કરતા દેશવાસીઓમાં મોંઘવારીના મારમાં રાહતની લાગણી અનુભવતા હર્ષની લાગણી વ્યક્ત થતી હતી.

તમામ પ્રકારના દુઃખ ભુલીને ઉત્સવઘેલી પ્રજાએ દિપાવલી પર્વની ઉત્સાહપૂર્વક અને ધામધુમથી ઉજવણી કરી હતી.

એકાદ-બે અપવાદને બાદ કરતા ખાસ કોઈ અનિચ્છનીય ઘટના બનવા પામી ન હતી.

ગયા વર્ષે દિપાવલી પર્વ બાદ કોરોનાની બીજી લહેરથી દેશભરમાં હાહાકાર મચી જવા પામ્યો હતો. તેને પગલે આ વર્ષે કેટલાય ભાગોમાં કાળજી પણ રખાયાનું નજરે પડતું હતું. હજુ પણ ઉત્સવમાં કોરોનાની અસર દેખાતી હતી. કેટલાક પરિવારોમાં પરિવારજનો ગુમાવવાની પીડા પણ છતી થતી હતી. આમ છતાં ઉજવણીમાં સૌના મન પર ઉત્સાહ અને આશા છલકાતી હતી. સૌ એકબીજાને મળીને નવી આશા જગાવતા હતા.

### ગાંધીનગર સમાચાર

### અંક બંધ

નૂતન વર્ષ, ભાઈબીજ અને ત્રીજ નિમિત્તે તા. ૫, ૬ અને ૭ નવેમ્બર, ૨૦૨૧ના રોજ ગાંધીનગર સમાચાર કાર્યાલય સંપૂર્ણ રજા પાળશે. જેથી અનુક્રમે તા. ૬, ૭, ૮ નવેમ્બર, ૨૦૨૧ના રોજ ગાંધીનગર સમાચારનો અંક પ્રસિદ્ધ થશે નહિ જેની વાચક, વિતરક અને વિજ્ઞાપન દાતાઓને નોંધ લેવા વિનંતી.

- વ્યવસ્થાપક













